# પૂર્વ ચીફ મિનિસ્ટર્સ પૈકી એકમાત્ર શંકરસિંહ એક્ટિવ પોલિટીક્સમાં છે

## સ્વર્ણિમ સંકુલમાં ખાલી પડેલી ચેમ્બરો નવેમ્બરના અંત સુધીમાં ભરાશે

ટાઈમ લાઈન
- ગૌતમ પુરોહિત

ગુજરાતના પૂર્વ ચીફ મિનિસ્ટર શું કરે છે તેવો સવાલ ગુજરાતીઓના મનમાં ઉદ્દભવે છે. ખાસ કરીને માધવસિંહ સોલંકી કે જેઓ ખૂબ જ સિનિયર પૂર્વ ચીફ મિનિસ્ટર છે. તેઓ તેમનો સમય વાંચનમાં ગાળે છે. હવે તો ઈન્ટરનેટના માધ્યમથી ઈ-બુકનું વાંચન પણ કરી લેતા હોય છે. દિલીપ પરીખ નિવૃત્તિ જીવનમાં વ્યસ્ત છે. જાહેરમાં ખૂબ ઓછા આવે છે. સુરેશ મહેતા એક્ટિવ છે, નરેન્દ્ર મોદી સામેની લડાઈ લડતાં લડતાં થાકી ચૂક્યા છે. હવે તેમની એક્ટિવનેસ ઓછી થઈ છે. કેશુભાઈ પટેલે તબિયતના કારણે રાજકીય-વૃત્તિ ઓછી કરી દીધી છે પણ ભગવાન સોમનાથના મંદિરના કાર્યક્રમોમાં અચૂક હાજરી આપે છે. બાકી, શંકરસિંહ વાઘેલા કોંગ્રેસમાં એક્ટિવ છે. વિરોધપક્ષના નેતાપદ ઉપર છે...



## વૉટબૅન્ક મજબૂત બની ગયા ભાજપમાં સભ્ય નોંધણીમાં મોદીક્રેઝ

**ક્યાં ૧૦ કરોડ અને ક્યાં ૩.૫ કરોડ ...**

નરેન્દ્ર મોદી ભારતના પ્રાઈમ મિનિસ્ટર બન્યા પછી ભાજપમાં જોડાવાનો જાણે કે ક્રેઝ શરૂ થઈ ચૂક્યો છે. ગુજરાતમાં કોંગ્રેસના કેટલાક લિડરોને સમાવ્યા પછી આ પ્રક્રિયા હવે દેશવ્યાપી બની ચૂકી છે. યુનિયન મિનિસ્ટર પ્રકાશ જાવડેકરનો દાવો છે કે માર્ચ-૨૦૧૫ સુધીમાં ભાજપમાં નવા ૧૦ કરોડ સભ્યો જોડાઈ ચૂક્યા હશે, જે ૨૦10-૧૧માં માત્ર ૩.૫ કરોડ હતા. એક સીધુ ગણિત એ પણ છે કે ભાજપની વોટબેન્ક કે જે આઠ કરોડ હતી તે વધીને ૧૮ કરોડ થઈ ચૂકી છે તેથી સભ્ય નોંધણી ઝૂંબેશમાં તેનો પ્રભાવ પડી શકે છે. ખાસ કરીને પૂર્વોત્તર અને દક્ષિણના રાજયોમાં ભાજપનો પ્રથમ વખત મજબૂત પગપેસારો થયો છે, જો કે ભાજપની લિટી મોટી થવાનો સંપૂર્ણ શ્રેય એકમાત્ર મોદીને આપી શકાય તેમ છે, બાકી બધાં નિમિત્ત માત્ર છે...

## સરકારી ઓફિસરોની જેમ પ્રધાનોના પોર્ટફોલિયોમાં પણ ફેરફારો થવા જોઈએ

**કોંગ્રેસમાં એકમાત્ર આશા છે ન્યિંકા ...**

કોંગ્રેસ પાર્ટીની ધૂરા જો પ્રિયંકા ગાંધી સંભાળે તો ૧૨૫ વર્ષ જૂની કોંગ્રેસમાં નવું જોમ ઉમેરી શકાય





● અનુસંધાન પાન-૭ પર

# સિવિલના નવા સંકુલમાં બે ઓપરેશન થિયેટર તૈયાર

## સિવિલ હોસ્પિટલના નવા સંકુલમાં નવ મોડ્યુલર ઓપરેશન થિયેટરનું આયોજન

## એક થિયેટરના નિર્માણ પાછળ બે કરોડ જેટલી રકમ ખર્ચવામાં આવી છે







ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવા સંકુલનો આધુનિક સાધનોથી સુસજ્જ કરવામાં આવી રહી છે અને નવા સંકુલમાં સેવાઓ આ પખવાડિયાના અંત સુધીમાં કાર્યરત કરી દેવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવા સંકુલમાં નવ ઓપરેશન થિયેટર બનાવવામાં આવ્યા છે. આ તમામ ઓપરેશન થિયેટર મોડ્યુલર ઓ.ટી. હશે. જે એક થિયેટરના નિર્માણ પાછળ દોડથી બે કરોડ રૂ.નો ખર્ચ કરવામાં આવ્યો છે.

આ મોડ્યુલર ઓપરેશન થિયેટરમાં બધી જ વ્યવસ્થા ટચ પદ્ધતિ પર આધારિત હશે એટલુ જ નહિ તે જંતુરહિત હશે. આ ઓ.ટી. સંપૂર્ણ વાતાનુકુલિત અને તમામ આવશ્યક સાધનોથી સુસજ્જ હશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આ મોડ્યુલર ઓ.ટી. જર્મીના સહયોગથી આકાર પામી રહ્યા છે. હાલ સિવિલ હોસ્પિટલના નવા સંકુલમાં ચિલર પ્લાન્ટ તેમજ સેન્ટ્રલ ઓક્સીજન સપ્લાયના નેટવર્કીંગની કામગીરી ચાલી રહી છે.

સરકારી હોસ્પિટલોમાં આવા ઓપરેશન થિયેટર ધરાવનારી ગાંધીનગર હોસ્પિટલ પ્રથમ બનશે. ગાંધીનગર હોસ્પિટલ એ એન.એ.બી.એચ. પ્રમાણપત્ર ધરાવતી પ્રથમ સરકારી હોસ્પિટલ બની હતી એ પણ ઉલ્લેખનીય છે. એન.એ.બી.એચ.ને પ્રમાણપત્ર ધરાવતી આ હોસ્પિટલના ઓ.ટી. અત્યંત આધુનિક હશે.

હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું છે કે પ્રથમ તબક્કામાં બે ઓપરેશન થિયેટરનો હવાલો મળશે. આ પછી

● અનુસંધાન પાન-૭ પર



# આજે પંચાયતમાં ભાજપ વધુ એક સમિતિ મેળવશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની મહિલા અને બાળ કલ્યાણ વિકાસ સમિતિ પર ભાજપ આજે વિધિવત્ સત્તા સંભાળી અને સત્તાના લક્ષ્યાંકનો બીજો તબક્કો પાર કરી લેશે. આ સમિતિના ચેરમેનની નિમણુંક અંગેનો નિર્ણય ભાજપ દ્વારા સવારે લેવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લા પંચાયતમાં કોંગ્રેસના સભ્યોએ કરેલા બળવાને પગલે સત્તા ગુમાવનાર કોંગ્રેસ હવે શિક્ષણ સમિતિ અને કારોબારી સમિતિ સિવાયની તમામ સમિતિઓમાં સત્તા ગુમાવી ચુકી છે.

આ સમિતિના ચેરમેનપદ માટે હાલ કોઈ નિર્ણય લેવામાં નહિ આવ્યો હોવાનું જાણવા મળેલ છે. આ નિર્ણય પ્રદેશ નેતાઓ સાથે પરામર્શ કર્યા બાદ લેવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે ઉષાબેન પટેલ અને ડહીબેન ઠાકોર એમ બે નામો પર વિચારણા ચાલી રહી છે.

જિલ્લા પંચાયતમાં હવે મહત્વની લેખાતી કારોબારી અને શિક્ષણ સમિતિ માટે ભાજપ તેનો નવો વ્યૂહ સામાન્ય સભા પહેલા અપનાવે છે કે પછી તેના પર સૌની નજર મંડાયેલી છે.

# સેક્ટર-૩ અને ૬માં વાંદરાઓનો આતંક

## છેલ્લા કેટલાક મહીનાઓથી ગાંધીનગરના નવા સેક્ટરોમાં વાંદરાઓના અડ્ડા : ફટાકડાઓ ફોડી વાંદરાઓને ભગાડવાના પ્રયાસો કરાય છે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરની આસપાસ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન સહિત સાબરમતીના કોતરોના વિસ્તારમાં વાંદરાઓનો વસવાટ છે. ટોળામાં રહેતા આ વાંદાઓની વસતી વધતા હવે તેઓએ શહેરી વિસ્તાર તરફ આવવાનું શરૂ કરી દીધુ છે અને અહીં જ અડ્ડો જમાવી દીધો છે. ખાસ કરીને સેક્ટર-૩, ૬, ૨ અને ૮ માં વાંદરાઓના ટોળાં ગૃહિણીઓના હાથમાંથી શાકભાજી અને અન્ય ખાવા-પીવાની ચીજવસ્તુઓ ઝુંટવી જાય છે.

ગાંધીનગરની આસપાસના જંગલ વિસ્તારમાં હજુ વાંદરાઓ, મોર, હરણ, નીલગાય જેવા પ્રાણીઓની વસવાટ છે. ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં તો સંખ્યાબંધ વાંદરાઓ રહે છે. આ વાંદરાઓના ટોળાં નજીક આવેલા સેક્ટરો જેવા કે સેક્ટર-૧, ૨, ૩, ૬, ૭ અને ૮માં ઉમટી પડે છે. ક્યારેક તો એક સાથે ૫૦-૬૦ વાંદરાઓનું ટોળુ આવી ચઢે છે અને સ્થાનીક વસાહતીઓને હેરાન-પરેશાન કરી નાંખે છે. ખાસ કરીને ખોરાકની શોધમાં શહેરી વિસ્તારમાં આવી ચઢતા આ વાંદરાઓ જરાય ડરતા નથી. વાંદરાઓના ટોળા ઘરની

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો સમયસર મોકલવા વિભાગોને તાકીદ

ગાંધીનગર, તા. ૯

રાજ્ય સરકારે સમયસર ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્રો કેન્દ્રને નહી મોકલનાર વિભાગોને સમયસર પ્રમાણપત્રો મોકલવા માટેની કડક તાકીદ કરવામાં આવી છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ થોડા નાણાકિય વર્ષ દરમિયાન કેન્દ્ર સરકાર દ્વારા રીલીઝ કરવામાં આવેલ ગ્રાન્ટ આ ગ્રાન્ટ સામે થયેલ ખર્ચ અને થયેલ ખર્ચ અન્વયે કેન્દ્ર સરકારને રજુ કરવામાં આવેલા ગ્રાન્ટ વપરાશ અંગેના પ્રમાણપત્રોની વિગતો અંગેનું એક પ્રેઝન્ટેશન નાણા વિભાગ દ્વારા સરકાર સમક્ષ રજુ કરવામાં આવ્યું હતું.

આ પ્રેઝન્ટેશન દરમ્યાન નાણા વિભાગે એવું જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ હેઠળ રાજ્ય સરકારને જુદી જુદી યોજનાઓ હેઠળ ફંડ રીલીઝ કરવામાં આવે છે. આ ફંડ જે શરતો અને ધોરણોને આધીન રીલીઝ કરવામાં આવે છે તે પૈકી સમયસર ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો રજુ કરવા તેવી એક શરત છે.

આ શરત જોતા કેન્દ્ર સરકાર પાસેથી મહત્તમ ફંડ ઉપલબ્ધ થાય તે માટે ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો સમયસર કેન્દ્ર સરકારને રજુ થાય તે સુનિશ્ચિત કરે તે જરૂરી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેન્દ્ર સરકાર પાસેથી મહત્તમ ફંડ ઉપલબ્ધ થાય તે માટેના પ્રયાસો હાથ ધરવા માટે તમામ વિભાગોને સૂચનાઓ આપવામાં આવી છે. આ ઉપરાંત જે વિભાગોએ હજુ ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો કેન્દ્રને રજુ કરવાના બાકી હોય તે વિભાગોને સત્વરે ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો કેન્દ્ર સરકારને મોકલી આપવા માટેની તાકીદ કરવામાં આવી છે.

# સે. ૧૭ વાઈબ્રન્ટ એક્ઝીબીશનનો ખુણે ખુણો કેમેરામાં કેદ થશે

## અગાઉના એક્ઝીબીશનમાં મળેલા ભારે લોક પ્રતિસાદને ધ્યાને લઈ આ વર્ષે ૩ એન્ટ્રી અને ૨ એક્ઝીટ ગેટ રાખવામાં આવશે

ગાંધીનગર, તા. ૯

ગુજરાત વાઈબ્રન્ટ સમિટ દર બે વર્ષે રાજ્યમાં યોજાય છે. છેલ્લા ત્રણ ટર્મથી વાઈબ્રન્ટ સમિટ ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યોજાય છે અને વાઈબ્રન્ટ એક્ઝીબીશન સેક્ટર-૧૭ જુના હેલીપેડ ગ્રાઉન્ડમાં પ્રદર્શીત કરવામાં આવે છે. હવે જાન્યુઆરીમાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટ પણ ગાંધીનગર ખાતે છે. જેને પગલે તંત્ર આખુ તડામાર તૈયારીમાં લાગી ગયું છે. સે. ૧૭ ખાતે યોજાનાર વાઈબ્રન્ટના એક્ઝીબીશન ખાતે અંદર અને બહારના તમામ વિસ્તારો તથા એન્ટ્રી-એક્ઝીટ ગેટ પર સીસી ટીવી કેમેરાની નજર રહે તેવુ આયોજન થઈ રહ્યું છે.

સેક્ટર-૧૭ જુના હેલીપેડના ગ્રાઉન્ડ ખાતે તૈયાર કરવામાં આવેલા પર્મીનેન્ટ ડોમ તથા એક્ઝીબીશન હોલ ખાતે વાઈબ્રન્ટ એક્ઝીબીશન થશે. જાન્યુઆરી-૨૦૧૫ માં યોજાનાર વાઈબ્રન્ટમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે અત્યારથી જ સલામતીને લગતા પ્રશ્નોને ધ્યાને લઈ તૈયારીઓ શરૂ કરી દીધી છે. એક્ઝીબીશન સેન્ટરમાં તમામ એન્ટ્રી-એક્ઝીટ પર તથા અંદર અને બહારના તમામ વિસ્તારમાં ખુણે ખુણો સીસીટીવી કેમેરા સર્વેલન્સ હેઠળ આવરી લેવાય તેવી તૈયારી ચાલી રહી છે. તે ઉપરાંત અગાઉ યોજાયેલા એક્ઝીબીશનમાં મળેલા ભારે લોક પ્રતિસાદને તથા ઘસારાના ધ્યાને રાખીને આ વર્ષે તકલીફ ન પડે તે હેતુથી ત્રણ એન્ટ્રી ગેટ અને બે એક્ઝીટ ગેટ બનાવવાનો નિર્ણય લેવાયો હોવાનું જાણવા મળ્યું છે.

# ગાંધીનગર-કોબા સુધીના સર્વિસ રોડની હાલત અત્યંત ભંગાર

## મુખ્ય માર્ગોની સમાંતર આવેલા સર્વિસ રોડની મરામત થતી જ નથી : ઠેર ઠેર ગંદકીના ઠેર ઠેર ઢગ, ગાબડાં અને ખાડા ટેકરા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના મુખ્ય માર્ગોની હાલત ખુબ સરસ છે. વીઆઈપીઓની અવરજવર રહે છે તેવા માર્ગોનું દર વર્ષે પેવરીંગ કરવામાં આવે છે, પરંતુ દીવા તળે અંધારાની જેમ સર્વિસ રોડ અને સેક્ટરોના આંતરીક માર્ગોની હાલત અત્યંત ખરાબ છે. ચોમાસા બાદ અહીં ઠેર ઠેર મસમોટા ખાડા પડી ગયા છે અને માર્ગો ઉબડખાબડ બની ગયા છે.

ગાંધીનગરના મુખ્ય માર્ગોને એકદમ અપટુડેટ રાખવામાં આવે છે. દર વર્ષે ચોમાસા બાદ તુટેલા માર્ગોનું રીપેરીંગ કરી દેવામાં આવે છે. વીઆઈપી રોડ ગણાતા જ-રોડ અને ચ-રોડ પર તો એક પણ ખાડો જોવા મળતો નથી. ગાંધીનગરથી અમદાવાદ તરફ જતાં બધા જ માર્ગો એકદમ સરસ છે પરંતુ તેને સમાંતર આવેલા સર્વિસરોડ ગ્રામ્ય વિસ્તારમાં પણ ન હોય તેવા ભંગાર હાલતમાં છે. ખાસ કરીને ગાંધીનગર-કોબાનો સર્વિસ રોડ અત્યંત ખરાબ હાલતમાં છે. ઠેર ઠેર મસમોટા ખાડા પડેલા છે. માર્ગોની આસપાસ ઉકરડો અને ગંદકી જોવા મળે છે. અહીં મોટા મોટા બિલ્ડરોની ખુબ મોંઘી સ્કીમો આવેલી હોવા છતાં આ વિસ્તાર ગંદકીથી ખદબદે છે. ઠેર ઠેર ગટરો ઉભરાઈ રહી છે. અહીં જ્યાં ત્યાં આડેધડ પાર્કીંગ થયેલું જોવા મળે છે. ગાંધીનગરની આસપાસ નવો વિકાસ પામેલો આ વિસ્તાર ખરા અર્થમાં વિકાસ ઈચ્છી રહ્યો છે.



મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અર્ચી
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

શ્રી યોગીકૃપા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ, મોડાસા દ્વારા સંચાલિત
યોગીકૃપા ખાદી ભવન ગાંધીનગર
ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર

| | |
|---|---|
| ગુજરાત સુતી ખાદી | ૨૫% વળતર |
| પોલીવસ્ત્ર ખાદી | ૨૫% વળતર |
| પરપ્રાન્ત ખાદી | ૧૫% વળતર |
| રેશમ ખાદી | ૧૫% વળતર |
| ગરમ ખાદી | ૧૫% વળતર |

અમારે ત્યાં શેત્રંજી, આસન, આસનપટ્ટા, નાહવાના રૂમાલ, હાથરૂમાલ, બેડશીટ, પીલોકવર, ચોરસ ગાદી, તૈયાર લેંઘા, ઝભ્ભા, સદરા, સુતરાઉ ખાદી, પોલીવસ્ત્ર ખાદી, ગરમ ખાદી અને ગ્રામોદ્યોગ સાબુ, લિમડા સાબુ તથા સરકારશ્રી દ્વારા માન્ય ફર્નિચર મળશે.
સંસ્થાના અન્ય કેન્દ્રો : ● ગ્રામોદ્યોગ ગાંધી હાટ, સ્ટેશન રોડ, મોડાસા ● યોગીકૃપા ખાદી ભંડાર - સ્ટેશન રોડ, મેઘરજ ● યોગીકૃપા ખાદી ભંડાર - આકાર કોમ્પલેક્ષ, ભિલોડા ● અંબિકા ખાદી ભવન, પૂર્ણિમા કોમ્પલેક્ષ, અંબાજી
● પ્રમુખશ્રી - ઉષાબેન કે. ત્રિવેદી ● મંત્રીશ્રી - ધરમેન્દ્ર સી. યોગી
● વ્યવસ્થાપક - જશવંત સી. યોગી
નોંધ : તા. ૨/૧૦/૧૪ થી તા. ૩૧/૩/૧૫ સુધી વળતરનો લાભ આપવામાં આવશે.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com